સમરસ છાત્રાલયમાં પ્રવેશના નિયમો અને ટકાવારીમાં ફેરફાર કરવા બાબત

# ગુજરાત સરકાર

## સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: સમછ/૧૦૨૦૧૯/૪૧૬/ક

સચિવાલય, ગાંધીનગર

તા.૨૯/૦૮/૨૦૨૦

વંચાણમાં લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૭/૧૬નો ઠરાવ ક્રમાંક: સમછ-૧૦૧૬-૩૪૧૫૫૬-ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૨/૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામકશ્રી(અ.જા.ક.)નો તા.૦૬/૦૬/૨૦૨૦નો પત્ર ક્રમાંક: સમછા-પવશ-૨૦૨૦-૨૧-૧૧૮૬

આ મુ ખ :

વંચાણે લીધેલ ક્રમાંક: (૧) સામેના વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવથી સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ(OBC) તેમજ આર્થિક રીતે પછાત વર્ગ(EBC) જાતિઓના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે પ્રવેશના નિયમો અને પ્રવેશની ટકાવારી નક્કી કરવામાં આવેલ છે. જે મુજબ જાતિવાર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અનામત જગ્યાઓ પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે, ૧% અનાથ વિદ્યાર્થીઓને અનામત આપવાનું ઠરાવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૨) સામેના વિભાગના તા.૨૮/૦૨/૨૦ના ઠરાવથી સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની પ્રવેશ માટેની અનામત રાખેલ જગ્યા મુજબ આર્થિક રીતે પછાત વર્ગ(EBC)ના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટે નિયત થયેલ પ્રવેશ માટેની અનામત જગ્યા પૈકી ૩% વિકલાંગ વિદ્યાર્થીઓ માટે, ૨% વિધવાના બાળકો માટે અને ૧% અનાથ વિદ્યાર્થીઓને અનામત આપવાનું આથી ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક: (૩) સામેના મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને નિયામકશ્રી(અ.જા.ક.)ના

તા.૨૬/૦૯/૧૯ના પત્રથી સમરસ છાત્રાલયમાં નક્કી થયેલ પ્રવેશના નિયમોમાં ફેરફાર કરવા તથા નવા નિયમો ઉમેરવા માટે દરખાસ્ત કરેલ હતી. જે સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠ રા વ :

પુખ્ત વિચારણાને અંતે સમરસ છાત્રાલયમાં અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ માટેના પ્રવર્તમાન પ્રવેશ નિયમોમાં આ સાથે સામેલ પત્રકના ક્રમ: (૧) થી (૩) માં દર્શાવ્યા મુજબના ફેરફાર કરવાનું અને ક્રમ: ૪(૧) થી ૪(૩) માં દર્શાવ્યા મુજબના નવા નિયમો ઉમેરવાનું આથી ઠરાવવામાં આવે છે.

વિભાગના તા.૨૮/૦૨/૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ રદ કરવામાં આવે છે જ્યારે વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવની અન્ય શરતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર સરકારશ્રીની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. ભાભોર)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- મુખ્ય કારોબારી અધિકારી, ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી અને
  નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ,
  ડો.જીવરાજ મહેતા ભવન,
  ગાંધીનગર.

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- સંયુક્ત સચિવશ્રી(વિજાક), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ
- નિયામકશ્રી(વિજાક), ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા./વિ.જા.) (નિયામકશ્રી મારફત)
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૦

## સમરસ છાત્રાલયમાં પ્રવેશ નિયમોમાં કરેલ ફેરફાર અંગેનું પત્રક

**૧.** વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવથી નિયત કરવામાં આવેલ પ્રવેશના નિયમોના ક્રમ: (૧) પ્રવેશની ટકાવારી ની જોગવાઈ રદ કરીને તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ વંચાણે લેવાની રહેશે.

**૧(૧)**

| ગ્રુપ | અભ્યાસક્રમની કેટેગરી | ટકાવારી |
|---|---|---|
| ૧ | એમ.બી.બી.એસ., આયુષ, એન્જીનિયરિંગ, ફાર્મસી, ધોરણ ૧૨ પછીના ડિપ્લોમા ફાર્મસી અને ઈજનેરીના અભ્યાસક્રમો, આયુર્વેદિક, એનઆઇ.ડી., એન.આઇ.એફ.ટી., ડેન્ટલ, હોમિયોપેથીક જેવા સ્નાતકકક્ષાના ધોરણ ૧૨ પછીના અન્ય સમકક્ષ તમામ સ્નાતક અભ્યાસક્રમો | ૩૦% |
| ૨ | સ્નાતક પછીના પોસ્ટ ગ્રેજ્યુએટ તથા ઉપરના અભ્યાસક્રમો એમ.બી.બી.એસ./ એન્જિનિયરીંગ બાદના અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો, આયુષ, એમ.ફાર્મ., એમ.એ., એમ.કોમ., એમ.એસ.સી., એમ.બી.એ., એમ.એસ.ડબલ્યુ., એમ.સી.એ., બી.એડ., એમ.એડ., એમ.ફીલ., એલ.એલ.બી., પી.એચ.ડી., જેવા અન્ય સમકક્ષ તમામ અનુસ્નાતક અભ્યાસક્રમો | ૩૦% |
| ૩ | સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો સાયન્સ, કોમર્સ, આર્ટ્સ, બીએસસી. નર્સીંગ, પી.ટી.સી., બી.બી.એ., વગેરે જેવા ધોરણ ૧૨ પછીના અન્ય સમકક્ષ તમામ સ્નાતક અભ્યાસક્રમો | ૪૦% |

ઉપર મુજબના અભ્યાસક્રમોમાં કેટેગરી મુજબ પ્રવેશ આપવાનો રહેશે. જ્યાં જે અભ્યાસક્રમોની કેટેગરીમાં છાત્રો ઉપલબ્ધ ન થાય તે બીજા અભ્યાસક્રમની કેટેગરીમાં પ્રવેશ આપવાનો રહેશે.

૧(૨) વધુમાં, ગ્રૂપ-૧માં સમાવિષ્ટ **M.B.B.S., AYUSH, B.H.M.S., B.A.M.S., PHYSIOTHERAPY, DENTAL** વગેરે જેવા તબીબી અભ્યાસક્રમો માટે ગ્રૂપ-૧ની **30% અનામત જગ્યાઓ પૈકી 30% સીટો પેટા-અનામત** તરીકે રાખવામાં આવશે. આ જગ્યાઓ સામે પર્યાપ્ત વિદ્યાર્થીઓ ઉપલબ્ધ ન થાય તો ગ્રૂપ-૧ના અન્ય અભ્યાસક્રમના છાત્રોને પ્રવેશ આપવાનો રહેશે.

૨. વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવથી નિયત કરવામાં આવેલ પ્રવેશના નિયમોના ક્રમ: (૧૧) ની જોગવાઈ રદ કરીને તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ વંચાણે લેવાની રહેશે.

૨(૧) નવા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અરજી કરવા માટે **સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ૫0% કે તેથી વધુ અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ૫0% કે તેથી વધુ ગુણ** ધરાવતા વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને અરજી કરી શકશે અને મેરીટના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૨(૨) સમરસ છાત્રાલયમાં નવા વિદ્યાર્થીઓને સ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમના તમામ ગ્રૂપમાં કોઈ પણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવવા માટે ધોરણ-૧૨માં મેળવેલ ટકાવારીને ધ્યાને લઈને મેરીટના આધારે પ્રવેશ આપવામાં આવશે. (ટકાવારી કુલ ગુણ માંથી મેળવેલ ગુણ ઉપરથી ગણવાની રહેશે.)

૨(3) અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં તથા પ્રવેશ મેળવનાર છાત્રોએ સંલગ્ન સ્નાતક અભ્યાસક્રમની જે ટકાવારીના આધારે યુનિવર્સિટિમાં પ્રવેશ મેળવેલ હોય અથવા મેળવવાનો હોય તે ટકાવારીના આધારે મેરીટ પ્રમાણે પ્રવેશ આપવામાં આવશે. સંલગ્ન સ્નાતક અભ્યાસક્રમ સિવાય અન્ય સ્નાતક અભ્યાસક્રમની ટકાવારી ધ્યાને લેવાશે નહીં. જે અભ્યાસક્રમમાં ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તે વિદ્યાર્થીઓને CGPA (Cumulative Grade Point Average)ને યુનિવર્સિટી માન્ય પદ્ધતિ પ્રમાણે ટકાવારીની ગણતરી કરવાની રહેશે.

(નોંધ: અનુસ્નાતક માટે સંલગ્ન સ્નાતક અભ્યાસક્રમ જે તે યુનિવર્સિટી દ્વારા માન્ય કરેલ હોય તે ધ્યાને લેવાના રહેશે.)

**૨(૪)** ડિપ્લોમા બાદ ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાં જે ટકાવારીના આધારે પ્રવેશ મેળવેલ હોય/મેળવવાનો હોય તે જ ટકાવારીના આધારે સમરસ હોસ્ટેલમાં પ્રવેશ મેળવવાનો રહેશે.

**૨(૫)** જુના (રિન્યુ) વિદ્યાર્થીઓને છેલ્લા વર્ષની ટકાવારીને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે. જે યુનિવર્સિટી કે અભ્યાસક્રમમાં ટકાવારીના સ્થાને ગ્રેડેશન પદ્ધતિ અમલમાં હોય તેમના છેલ્લા બે સેમેસ્ટરના સરેરાશ SPI (Semester Performance Index)ને આધારે પ્રવેશ આપવામાં આવશે. (નોંધ: SPI ની ગણતરી જે તે યુનિવર્સિટીની માન્ય પદ્ધતિથી કરવાની રહેશે.)

**૨(૬)** ગૃપ-૨ તથા ગૃપ-3ના જુના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ પૈકી જે છાત્રો બીજા વર્ષે પણ છાત્રાલયમાં ચાલુ રહેવા માંગતા હોય તો તેમને ગત વાર્ષિક પરીક્ષામાં/ યુનિવર્સિટી માન્ય ગણતરી પ્રમાણે છેલ્લા બે સેમેસ્ટરની ટકાવારીમાં (SPI - Semester Performance Index) **૫૫% કે તેથી વધુ ગુણ** મેળવેલ હોવા જોઈએ. જ્યાં ટકાવારીને બદલે ગ્રેડેશન આપવામાં આવતા હોય ત્યાં પ્રવેશ સમિતિએ **૫૫% કે તેથી વધુના સમકક્ષ આવતા ગ્રેડેશનને** ધ્યાને લેવાનું રહેશે. ગૃપ-૧ના વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓ માટે **ટકાવારી ૫૦%** રહેશે. જુના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપતી વખતે તે છાત્રની ગત વર્ષની વર્તણૂકને ખાસ ધ્યાનમાં લેવાની રહેશે.

**૨(૬)(૧)** નાપાસ થનાર અને એ.ટી.કે.ટી. વાળા મુખ્ય વિષયમાં ડ્રોપ લેનાર વિદ્યાર્થીઓને તથા ઉપર જણાવ્યા પ્રમાણેના ગુણોથી ઓછા ગુણ મેળવેલ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે નહિં.

**૨(૬)(૨)** ગૃપ-૧ અને ગૃપ-૨ માં સમાવિષ્ટ તબીબી તથા ઈજનેરીના અભ્યાસક્રમોમાં ભણતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ યુનિવર્સિટીની પરીક્ષામાં આખા કોર્ષ દરમ્યાન જો ત્રણ વખત નાપાસ થયેલ હશે તો તેઓને ખાસ કેસ તરીકે પ્રવેશ આપી શકાશે.

**૨(૬)(3)** વિદ્યાર્થીનીઓની બાબતમાં નિયમ હળવો કરવામાં આવશે.

२(६)(४) જે અભ્યાસક્રમોના પરીણામો મોડા આવતા હોય તેઓની પરીક્ષમ ન આવે ત્યા સુધી જગ્યા ખાલી રાખવી અને પરીણામ આવ્યા બાદ પ્રવેશ આપવાનો રહેશે. હાલમાં જી.ટી.યુના પરિણામ મોડા આવતા હોવાથી અને આગળના સેમેસ્ટર પધ્ધતિમાં સેમેસ્ટર-૧, ૩, ૫ ના પરિણામો આવેલ હોય છે. અને સેમેસ્ટર-૨, ૪, ૬ ના પરિણામો આવેલા હોતા નથી. તેવા સંજોગોમાં નીચે મુજબ પ્રવેશ આપવો.

(૧) પ્રથમ વર્ષે : ધોરણ-૧૨ની વાર્ષિક પરિક્ષાના આધારે

(૨) બીજા વર્ષે (સેમેસ્ટર ૩) : સેમેસ્ટર- ૧ના પરિણામના મેરિટના આધારે

(૩) ત્રીજા વર્ષે (સેમેસ્ટર ૫) : સેમેસ્ટર- ૩ના પરિણામના મેરિટના આધારે

(૪) ચોથા વર્ષે (સેમેસ્ટર ૭) : સેમેસ્ટર- ૫ના પરિણામના મેરિટના આધારે

૩. વિભાગના તા.૨૬/૦૭/૧૬ના ઠરાવથી નિયત કરવામાં આવેલ પ્રવેશના નિયમોના ક્રમ: (૬) ની જોગવાઈમાં આંશિક ફેરફાર કરીને તથા વિભાગના તા.૨૮/૦૨/૨૦નો ઠરાવ રદ કરીને તેના સ્થાને નીચે મુજબની જોગવાઈ વંચાણે લેવાની રહેશે.

જાતિવાર અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક રીતે પછાત વર્ગની અનામત જગ્યાઓ પૈકી **૫% દિવ્યાંગ(વિકલાંગ) વિદ્યાર્થીઓ(૪૦% કે તેથી વધુ વિકલાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ)** માટે, **૨% વિધવાના બાળકો** માટે અને **૧% અનાથ વિદ્યાર્થીઓને** પેટા-અનામત આપવાની રહેશે.

૪. **સમરસ છાત્રાલયમાં પ્રવેશ માટે નીચે મુજબના નવા નિયમોનો ઉમેરો કરવામાં આવે છે:**

४(१) સમરસ છાત્રાલયમાં નવો પ્રવેશ મેળવનાર છાત્રો કે પ્રવેશ મેળવેલ જુના છાત્રોની સમરસ છાત્રાલયોમાં લાભ મેળવવાની **મહત્તમ વયમર્યાદા ૨૫ વર્ષ** રહેશે. ૨૫ વર્ષ બાદ નવા કે જુના કોઈ પણ છાત્રો પ્રવેશ માટે અરજી કરી શકશે નહીં.

४(२) જે અભ્યાસક્રમના આધારે સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ હોય તે અભ્યાસક્રમ દરમ્યાન અધુરો અભ્યાસ છોડીને જનાર વિદ્યાર્થીને પુન: પ્રવેશ મળશે નહી. પરંતુ જે શૈક્ષણિક

વર્ષમાં સમરસ છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ હોય તે જ વર્ષમાં જો રિસફલિંગ(Reshuffling) મારફત કે અન્ય પ્રવેશ સમિતિ મારફત અન્ય અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવે તો તેવા વિદ્યાર્થીઓ પ્રવેશને પાત્રતા ધરાવશે.

**૪(3)** સમરસ છાત્રાલયમાં બે વર્ષથી વધુની અભ્યાસની ગેપ ધરાવતા વિધ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહીં. બે વર્ષ સુધીની ગેપ ધરાવતા વિદ્યાર્થીઓની અંતિમ મેરીટ ટકાવારીમાંથી યુનિવર્સિટીના નિયમો મુજબ જે ટકાવારીની કપાત કરવામાં આવતી હોય તે પ્રમાણે ગણતરી કર્યા બાદના મેરીટને ધ્યાને લઈ પ્રવેશ આપવામાં આવશે.

(નોંધ: વિદ્યાર્થીએ જે શૈક્ષણિક વર્ષ દરમિયાન યુનિવર્સિટી માન્ય અભ્યાસમાંથી કોઈ પણ પ્રકારનો અભ્યાસ ન કરેલ હોય તે વર્ષ ગેપ તરીકે ગણવાની રહેશે)